ફોન ફેક્સ નંબર- 0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં. ૪/પરીક્ષા/ સપ્ટેમ્બર-૨૦૨૨/788 By Email તા.૨૫ -૧૧-૨૦૨૨

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.

વિષય :- RTI-2005 અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા માંગવામાં આવતી ઉત્તરવહીની નકલ (ઝેરોક્ષ ) પુરી પાડવા તથા રૂબરૂ નિરીક્ષણ કરવા અંગે.

સંદર્ભ :-આ વિભાગના તા.૧૯-૦૭-૨૦૨૨ના પત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૨-૨૩/૩૫૧ બાબત.

મહાશયશ્રી/મહોદયાશ્રી,

સવિનય સાથ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભિત પત્રથી RTI-2005 અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા માંગવામાં આવતી ઉત્તરવહીની નકલ (ઝેરોક્ષ ) પુરી પાડવા તથા રૂબરૂ નિરીક્ષણ કરવા અંગેના નિયમો મોકલાવવામાં આવેલ છે. આ સંદર્ભ પત્રના બિડાણમાં દર્શાવેલ ક્રમનં. ૩ની વિગત અન્વયે જણાવવાનું કે, બી.એ.એમ.એસ. તથા બી.વાય.એન.એસ.(યોગ) ની તાજેતરમાં લેવાયેલ પરીક્ષાના પરીણામ જાહેર થયા બાદ RTI-2005 અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા માંગવામાં આવતી ઉત્તરવહીની નકલ (ઝેરોક્ષ ) પુરી પાડવા તથા રૂબરૂ નિરીક્ષણ કરવા અંગેની અરજી કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ રી-એસેસમેન્ટ/રી ચેકીંગનું પરીણામ જાહેર થઈ ગયા બાદ અરજી કરવાની રહેશે. રી-એસેસમેન્ટ / રી-ચેકીંગ રીઝલ્ટ અંદાજીત તા.૦૬-૦૧-૨૦૨૩ ના રોજ બહાર પડશે. સદરહુ પરીક્ષાની ઉત્તરવહીઓ તા.૦૬-૦૪-૨૦૨૩ સુધી જાળવવામાં આવશે અને ત્યારબાદ નિયમાનુસાર આ ઉત્તરવહીનો નાશ કરવામાં આવનાર હોય, જે વિદ્યાર્થીઓ આર.ટી.આઈ. અંતર્ગત ઉત્તરવહી મેળવવા / નિરીક્ષણ કરવા માંગતા હોય તેમણે તા.૦૬-૦૧-૨૦૨૩ થી તા.૦૬-૦૪-૨૦૨૩ સુધીમાં અરજી કરવા જણાવવામાં આવે છે. આ સમયગાળા સિવાય જો કોઈ આર.ટી.આર. અંતર્ગત અરજી કરશે તો તેમની અરજી નિયમાનુસાર ધ્યાનમાં લેવામાં આવશે નહી. આ બાબતની જાણ આપની કોલેજમાં અભ્યાસ કરતા સર્વે સંબંધિત વિદ્યાર્થીઓને કરવાની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

( ડો. એ. કે. જાડેજા )
પરીક્ષા નિયામક

નકલ રવાના :-

(૧) પી.એસ.ટુ વી.સી.
(૨) પી.એ.ટુ રજીસ્ટ્રાર.
(૩) S.F.I. (પરીક્ષા શાખા)
(૪) શ્રી બીજુ જોન, પી.પી.એસ.(આઈ.ટી.) - મારફત ડાયરેકટરશ્રી-આઈ.ટી.આર.એ. :- સદરહુ પત્ર વેબસાઈટ ઉપર અપલોડ કરવા માટે.
(૫) આદિત્ય ઈન્ફો સોલ્યુસન્સ, જામનગર : સદરહુ પત્ર મોબાઈલ એપ પર મુકવા માટે.